Tuesday
11.07.2023
✻Volume :7 ✻ Issue No.343
✻Email.:kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✻Managing Editor:Arjun Sondarva ✻Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04 ✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેન્દ્ર સરકારે દેશના ધાર્મિક સ્થળોનો વિકાસ કર્યો અને દેશની શરહદો સુરક્ષીત કરી છે. — શ્રી દેવુસિંહ ચૌહાણ

કેટલાક નેતા મોહબ્બત કી દુકાન નહી નફરતનો મેગા મોલ ચલાવી રહ્યા છે. — શ્રી જે.પી.નડ્ડા

પંચમહાલ ગોધરા ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીના અધ્યક્ષતામાં અને કેન્દ્રીયમંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણ તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાજી, પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા સહિત રાજયનામંત્રીશ્રી કુબેરભાઇ ડિંડોરની ઉપસ્થિતિમાં કેન્દ્ર સરકારને ૯ વર્ષ પુર્ણ થયાના સંદર્ભે જાહેરસભા યોજાઇ.

૯ વર્ષ પહેલા મોબાઇલ વિદેશથી આવતા હતા પરંતુ મોદી સરકારમાં ૯૭ ટકા મોબાઇલ ના પાર્ટ ભારત બનાવે છે, સ્ટીલના પાર્ટ બનાવવામાં ભારત બીજા નંબર પર છે. ભારતે જાપાનને પછાડી ઓટો મોબાઇલ ઇન્ડસ્ટ્રીમાં ત્રીજા નંબરનું માર્કેટ બન્યું છે. — શ્રી જે.પી.નડ્ડા

આજે ગુજરાત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનનું એક માત્ર ટ્રેડિશનલ મેડિસીનનું સેન્ટર બની રહ્યુ છે, એશિયાનું પહેલુ સોલર પ્લાન્ટ ગુજરાતમાં આવ્યું. — શ્રી જે.પી.નડ્ડા

કમલમ્ ન્યુઝ,
પંચમહાલ ગોધરા ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીના અધ્યક્ષતામાં અને કેન્દ્રીયમંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણ તેમજ પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયાજી, પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા સહિત રાજયનામંત્રીશ્રી કુબેરભાઇ ડિંડોરનીઉપસ્થિતિમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારનું સફળતાના૯વર્ષ પુણ્ય થતા સરકારે કરેલા વિવિધ કાર્યોની માહિતી આપતી જનસભા યોજાઇ હતી. જાહેરસભામાં કેન્દ્રીયમંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણ અને સાંસદશ્રી રતનસિંહ રાઠોડજી એ પ્રાસંગીક સંબોધનકર્યું હતું.આ જાહેરસભાને સંબોધતા રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીએ જણાવ્યું કે, ગુજરાત વિરો- સહાદતો, સાધુ-સંતોની ધરતી છે. દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેન્દ્ર સરકારે ૯ વર્ષ સેવા,સુશાસન,ગરિબ કલ્યાણ થકી કામ કર્યું છે. દેશમાં ૯ વર્ષ પહેલા ઘણી સરકાર આવી અને ગરિબ દુર કરવાના બહાને લાંબા સમયથી સુધીક્રોંગ્રેસે રાજકીય રોટલાશેકયા અને ગરિબોનેલુટયા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૯ વર્ષ દરમિયાન સોનો સાથ, સોનો વિકાસ,સોનો પ્રાયસ, સોનો વિશ્વાસનામંત્ર પરિપુર્ણ કરી દેશના દરેક વર્ગના લોકોના હિતમાં કામ કર્યું છે. શ્રી ન ડ્ડાએ નવ વર્ષ સુધીના કાર્યકાળ અંગેવધુ જણાવતા કહ્યુ કે, દેશમાં હાલમાંજે કોરોના જેવી મહામારી આવી જેણે સમગ્રો દુનિયાને હચમચાવી ત્યાર પછી રશિયા અને યુકેન્ન યુદ્ધને કારણે ઘણાદેશમાં આર્થિકસંકટમાં આવી ગયા,પરંતુ ભારત દેશની આર્થિક સ્થિતિ સુધારી અને દુનિયાના આર્થશાસ્ત્રીઓ કહે છે કે હાલના સમયમાં જો કોઈ દેશ પર આશા રાખી શકાય તો તે ભારત છે. આંતરરાષ્ટ્રીય મીનીટરીગફંડ પણ કહે છે કે ભારતની આર્થિક સ્થિતિ મજબૂત છે. ૯ વર્ષ પહેલા ભારત અર્થવ્યવસ્થામાં ૧૧મો નંબર પર હતું અને આજે બ્રિટનને પછાડી ભારત પાંચમો નંબરની અર્થવ્યવસ્થા બની છે. બ્રિટનના પ્રધાનમંત્રી ઋષી સુનક કહે છે કે તે સમય દુરનથી કે ભારતદુનિયાની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે. આજે ભારતમાંઈલેક્ટ્રીક સામાન બની અન્ય દેશોમાં જઈ રહ્યા છે એક વર્ષમાં ૧૭ હજાર કરોડ રૂપિયા સામાન એકસપોર્ટ થાય છે. ૯વર્ષ પહેલા મોબાઈ વિદેશથી આવતાહતા પરંતુમોદી સરકારમાં ૯૭ ટકા મોબાઈલ ના પાર્ટ ભારતમાંબનાવે છે. સ્ટીલના પાર્ટ બનાવવામાંભારત બીજાનંબર પર છે. ભારતેજાપાનને પછાડી ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીમાંત્રીજા નંબરનું માર્કેટ બન્યું છે. મન કી બાત થકી વડાપ્રધાને જનતાને ભારતમાં બનેલા રમકડા ખરીદવા આગ્રહ કર્યો અને ભારતમાં ૨મકડાના એકસપોર્ટ ૩ ગણા વધી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૯ વર્ષમાં ૧૮ લાખ કરોડ રૂપિયા ઈન્ફ્રાસ્ટ્રકચરમાંવાપર્યા છે અને આવર્ષ એક વર્ષમાંદસ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવનાર છે. ૫૪હજાર કિ.મીના નેશનલ હાઈવે બન્યા છે. ૬૦૬ કિમીની મેટ્રો રેલ ટ્રેન બનાવવામાં આવી છે. ૯ વર્ષમા ૭૪ એરપોર્ટ દેશમાં બન્યા અને ૮ એરપોર્ટ ગુજરાતમાં બન્યા.૩ લાખ ૨૮ હજાર કિમીના ગામાડમા રસ્તા બન્યા છે.વડાપ્રધાનશ્રીનરેન્દ્રભાઈ મોદી સાહેબને વિશ્વના દેશો માન સન્માન આપી રહ્યા તે અંગે નડ્ડાએઅજણાવતાકહ્યુંકે, દેશના વડાપ્રધાન વિશ્વના દેશોમાં જઈ રહ્યાછે ત્યારે દુનિયાના દેશોજે રીત સ્વાગત કરે છે તે આપ સૌએ જોયુ છે. પ્યુઆગીનાવડપ્રધાન આપણા દેશના વડપ્રધાનનાઆશિર્વાદ લેતે સૌએ જોયા છે અને તેમણે કહ્યુ કે મોદી સાહેબ મારા ગુરૂ છે. ઓસ્ટ્રલિયાના વડપ્રધાન આપણા વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને બોસ કહી સંબોધે.ન્યુઝીલેન્ડના વડાપ્રધાન મોદી સાહેબને મળવા ઓસ્ટ્રલીયા આવતે આપણા દેશનું ગૌરવ છે. એલન મસ્ક કહે છે કે હું મોદી સાહેબનો ફેન છું. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ દુનિયાના મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા,કેન્દ્રીય મંત્રીશ્રી દેવુસિંહ ચૌહાણ,સાંસદ શ્રી રતનસિંહ રાઠોડ,વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી જે.કાભાઈ ,રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી કુબેરભાઈ ડિંડોર,શ્રી બચુભાઈ ખાબડ,પ્રદેશ સહ પ્રવકતા તેમજ પંચમહાલ જીલ્લા પ્રભારી શ્રી ભરતભાઈ ડાંગર,પંચમહાલ જીલ્લાપ્રમુખ શ્રી અશ્વિનભાઈ પટેલ, મહીસાગર જીલ્લા પ્રમુખ શ્રી દશરથભાઈ બારિયા,ખેડા જીલ્લા પ્રમુખ શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ,પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કામીનીબેન ,મહીસાગર જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રમીલાબેન ,ધારાસભ્યશ્રીઓ શ્રી સી.કે.રાઉલજી,શ્રી જયદ્રથસિંહ પરમાર,શ્રીમતી નિમીષાબેન સુથાર, શ્રી માનસિંહ ચૌહાણ,શ્રી કનસિંહ ચૌહાણ,શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, પૂર્વ ચેરમેનશ્રીઓ,પૂર્વ પ્રમુખ શ્રીઓ ,તમામ જીલ્લાના મહામંત્રીશ્રીઓ,તમામ મોરચાના હોદ્દેદારશ્રીઓસહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગરિબ દુર કરવાના બહાને લાંબા સમય સુધી કોંગ્રેસે રાજકીય રોટલા શેકયા અને ગરિબોને લુટયા, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૯ વર્ષ દરમિયાન સોનો સાથ, સોનો વિકાસ,સોનો પ્રયાસ, સોનો વિશ્વાસ ના મંત્રને પરિપુર્ણ કરી દેશના દરેક વર્ગના લોકોના હિતમાં કામ કર્યુ. — શ્રી જે.પી.નડ્ડા

૩જી ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ વર્કિંગ ગ્રુપ (TIWG) અંતર્ગત ૧૦મી જુલાઈ ૨૦૨૩ના રોજ વેપાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સેમિનાર યોજાયો

કમલમ્ ન્યુઝ,
ભારતના G20 પ્રેસિડેન્સી હેઠળ 3S TIWG મીટિંગની શરૂઆત "વેપાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર" પરના આંતરરાષ્ટ્રીય સેમિનાર સાથે "જીવીસી સાથે સંકલન માટે લોજિસ્ટિકસઅને એમએસએમઈ નું સશક્તિકરણ" થીમ સાથે શરૂ થેઈ. કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) સાથે ભાગીદારીમાં, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારાઆ એકદર કરવામાં આવ્યું હતું. સભ્ય દેશો, આમંત્રિત દેશો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, ઉદ્યોગ અને પીએમ ગતિશક્તિ નેટ વર્ક પ્લાનિંગ ગ્રુપવગેરેના પ્રતિનિધિઓ આ કોન્ફરન્સમાં ટ્રેડ ઈન્ફ્રાસ્ટ્રકચર ના ક્ષેત્રમાં રચનાત્મક સંવાદ અને વિચારોના આદાન-પ્રદાનમાંસામેલ થયાહતા. "PM ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન (NMP)" અને ઉપયોગનાકેસો પર એક પ્રદર્શન પણ 3S TIWGની બાજુમાં ત્રણ દિવસ માટે રાખવામાં આવ્યું છે. નેશનલ ઈન્ફ્રસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ કોર્પોરેશન (NICDC) સાથે ભાગીદારીમાં લોજિસ્ટિકસ ડિવિઝન, DPIIT દ્વારા પ્રદર્શનની ડિઝાઈનતૈયાર કરવામાં આવી છે. રેલ્વે, માર્ગ પરિવહન, બંદરોઅને શિપિંગ, ટેલિકોમ, નવી અને નવીનીકરણીય ઊર્જા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, મહિલા અને બાળ વિકાસ જેવા વિવિધ મંત્રાલયોના પ્રદર્શનો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. તે લોજિસ્ટિકસ ડેટાબેંક (LDB), યુનિફાઈડ લોજિસ્ટિકસઈન્ટરફેસ પ્લેટફોર્મ (ULIP) અને બિલ ઓફ લેડીંગ સહિતની સેવાઓમાં કાર્યક્ષમતા માટે નેશનલ લોજિસ્ટિકસપ્લેટફોર્મ (NLP)ને પણ સ્પષ્ટ કરે છે. સેમિનાર અને પ્રદર્શનનું ઉદ્ઘાટન સચિવ, DPIIT, શ્રી રાજેશ કુમાર; વાણિજ્ય સચિવ, શ્રી સુનિલ બર્થવાલ; અને વિશેષ સચિવ, DPIIT શ્રીમતી સુમિતા ડાવરા સિંઘ દ્વારા કરવામાં આવ્યું હતું.ગ્લોબલ વેલ્યુ ચેઈન્સ (જીવીસી)માં દેશનીસહભાગિતાના વિસ્તરણમાં લોજિસ્ટિકસનીનિર્ણાયક ભૂમિકા અને વૈશ્વિક વેપારમાં યોગદાન આપવા માટે માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝિસ (MSMEs) ની સંભવિતતાને ઓળખતા, આકોન્ફરન્સનો ફોકસ મુખ્ય વ્યૂહરચનાઅને પહેલ કે જે એકીકરણને આગળ ધપાવીશકે છે તેની શોધ કરવાનો છે. ૯૬ક્ષ માં દેશો અને MSMEના વિકાસને પ્રોત્સાહન આપે છે.વિશેષ સચિવ, DPIIT સુશ્રી સુમિતા દાવરાએ સેમિનારનો સંદર્ભ નક્કી કર્યો. તણીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ, રોકાણો, સ્પર્ધાત્મક લોજિસ્ટિકસ ઈકોસિસ્ટમના નિર્માણના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. EoDB અને જીવનની સરળતા માટે મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે ભારત સરકારના પરિવર્તન કારી સુધારાઓ અને સરકારની મુખ્ય પહેલ એટલે કે વર્ષમાં ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન દ્વારા EXIM વેપાર, ૧૩મીઓક્ટોબર ૨૦૨૧ના રોજ ભારતના માનનીયપ્રધાનમંત્રી દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. નેક્સ્ટ જનરેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં પીએમ ગતિશક્તિ પર ઓડિયો-વિઝ્યુઅલ પણ દર્શાવવામાં આવ્યું હતું. સચિવ DPIIT, શ્રી રાજેશ કુમારે તેમના મુખ્ય વક્તવ્ય માં G20 પ્રતિનિધિઓનું સ્વાગત કર્યું. તેમણે જણાવ્યું કે ભારત સરકારે છેલ્લા અને પ્રથમ માઈલ કનેક્ટિવિટી માટે મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં મૂડી રોકાણની ઐતિહાસિક રકમ પ્રતિબદ્ધ કરી છે. નેશનલ લોજિસ્ટિકસ પોલિસી, સ્ટેટ લોજિસ્ટિકસ પોલિસી, LEADS સર્વે, લોજિસ્ટિકસ ડેટા બેંક (LDB), પાર્ટ કનેક્ટિવિટી પ્લાન વગેરે જેવી ડિજિટલ પહેલ જેવા સુધારાને કારણે ૨૦૨૩માં ભારતે વૈશ્વિક લોજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સમાં તેની રેંકિંગમાં સુધારો કર્યોછે.

તેમણે G20 અને સહભાગીઓને લોજિસ્ટિકસ કાર્યક્ષમતા માટે આંતરરાષ્ટ્રીય અનુભવમાંથી કેસ લર્નિંગ માટે આ પ્લેટફોર્મનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા.શ્રી સુનિલબર્થવાલે, વાણિજ્ય સચિવ જણાવ્યું હતું કે ૨૦૦ દેશો વચ્ચેનો સહકાર સમગ્ર વિશ્વ માટે સહયોગી પરિણામો લાવી શકે છે. "ગ્લોબલ વેલ્યુ ચેઈન્સના પુનર્ગઠન, વેપાર અને સ્થલાંતર ચેઈન પેટર્નમાંફેરફાર અને સોર્સિંગ અને ઉત્પાદન પ્રક્રિયાના પુનઃસ્થાપન થી પુનઃસ્થાપિત કરવા માટે કોરવર્ડ-લુકિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ની જરૂર છે. આબધું ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાતો પર અસર કરે છે અને તેથી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગે તેને સેવા આપવી જોઈએ,"તેમણે ઉમેર્યું. ૧૯મી TIWG અને ૨જી TIWG દરમિયાન ટ્રેડફાયનાન્સ અને ટ્રેડ ટેકનોલોજી પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ૪ક્ષજ્જ માં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિકસ અને MSMEની ભૂમિકા પર આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, ઉદ્યોગ અગ્રણીઓ, જાહેર ક્ષેત્રનાનિષ્ણાતો ગણેશ સાથે બે પેનલ ચર્ચા દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય વેપારને ટેકો આપવામાટે મજબૂત ભૌતિક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે મજબૂતલોજિસ્ટિકસઈકોસિસ્ટમનું નિર્માણ કરીને સ્થિતિસ્થાપક ૪ક્ષજ્જના નિર્માણ પર G20 ને કેવી રીતે એકસાથે લાવવુ તે અંગે ભારત અને વિદેશના જાણીતા વક્તાઓએચર્ચા કરીઅને વિચાર કર્યો. સત્ર ૧ એ 'ગ્લોબલ વેલ્યુ ચેઈન્સનાવિસ્તરણમાં લોજિસ્ટિકસ ની ભૂમિકા' પર પ્રકાશપાડ્યોહતો. યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD), એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB), વિશ્વ બેંકઅને Horizon Industrial Parks અને Safexpress જેવી ઈન્ડસ્ટ્રી ડોમેન જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પેનલના સભ્યો સાથે એક સમૃદ્ધ ચર્ચા યોજાઈ હતી. પ્રાદેશિક કનેક્ટિવિટી વધારવી, બહેતર બજાર એક્સેસઅને વેપાર સુવિધામાં સુધારો કરવો, વૈશ્વિક ઉત્પાદન નેટવર્કસઅને મહાખાદ્યીય વિકાસપર તેમનીઅસર, સંકલિત લોજિસ્ટિકસ પાર્કની વધતી માંગ, પુરિવહનથી લોજિસ્ટિકસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાટેનો દાબલો; છેલ્લી અને પ્રથમ માઈલની કનેક્ટિવિટી અને સીમલેસ ટ્રેડ માટે ઓક્ટ્રોઝ પ્રક્રિયાનું ડિજિટાઈઝેશન, બેસ્ટ-પ્રેક્ટિસનીવર્ચ્યુઅલ પેનલ ચર્ચા દરમિયાન ચર્ચા કરાયેલા મુખ્ય મુદ્દાઓમાંનીએક હતી. સત્ર-૨ એ "MSMEs Going Global: Integration with Global Value Chains" પર ભાર મૂકયો. MSME મંત્રાલય, નીતિ આયોગ, ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC) અનેસ્મોલઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI) ના પ્રતિષ્ઠિત પેનલિસ્ટોએ ચર્ચાનું નેતૃત્વ કર્યું હતું. MSME ક્ષેત્ર ભારતના જીડીપીમાં એક તૃતીયાંશ યોગદાન આપે છે, જે ભારતની નિકાસનો અડધો હિસ્સો છે અને તે બીજા નંબરનું સૌથી મોટું રોજગારદાતા છે. પેનલ ચર્ચા ફાઇનાન્સની એક્સેસ, માહિતીની એક્સેસ અને MSMEજની ટેકનોલોજીની એક્સેસના પડકારોઅને ઉકેલોની આસપાસ ફરતીહતી. MSMEs માટે વેપાર અને અર્થતંત્રમાં ભાગ લેવામાટેનાપ્લેટફોર્મતરીકેઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC) પ્લેટફોર્મની ભૂમિકાનીપણ ચર્ચાકરવામાંઆવી હતી. વેપાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સહકારઅને સહયોગવધારવા પર સકારાત્મક ભાર સાથે સેમિનાર સમાપ્ત થયો. ભારતની G20 પ્રેસિડેન્સી હેઠળ, ઉદ્દેશ્ય વૈશ્વિક સિનર્જીનુંનિર્માણ કરવાનોછે જે વિશ્વને એક સ્થિતિસ્થાપક અને ટકાઉ એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય માટે સમાન ઉકેલો શોધવા તરફ દોરીજાય છે.

સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર શહેરી વિસ્તારમાં પાટનગર યોજના વિભાગ દ્વારા ચાલી રહેલ નવી ગટરલાઇનની કામગીરીમાં ૫૦૦૦ વૃક્ષો નહી કપાય, ડિઝાઇનમાં ફેરફાર કરાશે. - શ્રીમતી રીટાબેન પટેલ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા પ્રેરિત 'હરિયાળી લોકસભા', ગાંધીનગર લોકસભા' ને સાર્થક કરવા કટિબદ્ધ છીએ.- શ્રીમતી રીટાબેન પટેલ

યોમાસાની ઋતુમાં ગાંધીનગર ની જનતા, સંસ્થાઓ,વહીવટી તંત્રને વ્યાપક પ્રમાણ માં વૃક્ષારોપણ કરવા અપીલ કરતા ધારાસભ્ય રીટાબેન પટેલ

ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા બનાવવાના અભિગમને સાર્થક કરવા માટે સહયોગ કરવા બદલ સહકારી આગેવાનો, સરપંચશ્રીઓ, સ્થાનિક આગેવાનો, પ્રકૃતિપ્રેમી નાગરીકો તેમજ વહીવટીતંત્ર નો આભાર- શ્રીમતી રીટાબેન પટેલ

કમલમ્ ન્યુઝ,
ગાંધીનગર ઉત્તર વિધાનસભા મીડિયા વિભાગની અખબારી યાદીમાંજણાવ્યા મુજબ ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય રીટાબેન પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રીઅમિતભાઈ શાહ 'હરિયાળી લોકસભા, ગાંધીનગર લોકસભા' ને યથાર્થ બનાવવા હંમેશાથી સંવેદન શીલ અને સક્રિય રહ્યા છે. શ્રી અમિતભાઈ શાહ સ્વયંપણ અનેક વૃક્ષારોપણના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા છે અને વૃક્ષારોપણ અભિયાનની સાથે સાથે નિયમિત રીતે વૃક્ષોનુંજતન થાય, યોગ્ય ઉછેર થાય તે સુનિશ્ચિત કરવા અંગે પણ તેઓ તેમના સંબોધનમાં વારંવાર ભાર આપતારહ્યા છે.

ગાંધીનગર લોકસભા ક્ષેત્રને દેશનું સૌથી વધુ હરિયાળું ક્ષેત્ર બનાવવાના તેઓના સ્વપ્નને સાકાર કરવા સૌ ચુંટાયેલા જનપ્રતિનિધિઓ, આગેવાનો તેમજ હરિયાળા પાટનગરના પ્રકૃતિપ્રેમી નાગરિકો કટિબદ્ધ છે. સ્માર્ટસિટી પ્રોજેક્ટ હેઠળ ગાંધીનગર શહેર વિસ્તારમાં નવીન ગટર લાઇન નાખવાની કામગીરીચાલી રહી છે ત્યારે શહેરના મુખ્યમાર્ગો પર ગટરલાઇનની કામગીરી અંગે પાટનગર યોજના વિભાગ દ્વારા નિમાયેલી એજન્સી દ્વારા તૈયાર કરાયેલી ડિઝાઇનમાં ૫૦૦૦ જેટલા વૃક્ષ કાપવા પડે તેવી સ્થિતિ હતી ત્યારે ધારાસભ્ય રીટાબેન પટેલે ગાંધીનગર માર્ગઅને મકાન વિભાગના અધિકારીઓસાથે બેઠક કરી, તેમજ સબંધિત વિભાગ સાથે પરામર્શ કરી ડિઝાઈનમાં ફેરફાર કરી એક પણ વૃક્ષ કપાયા વગર ગટરલાઈનની કામગીરી થાય તે માટે કવાયત કરી હતી જે માં સફળતા મળી છે. જૂની ડિઝાઇન મુજબ જેપ હજાર વૃક્ષ કપાવવાની સ્થિતિમાંહતાહવે તેમાંથીએક પણ વૃક્ષકપાશે નહી. શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર હંમેશાથી તેની હરિયાળી માટે જાણીતું છે, ગાંધીનગર માં ખુબ મોટી માત્રામાં પ્રકૃતિપ્રેમીઓ વસે છે ત્યારેવર્ષોના જતન બાદ ઉછરેલા ૫૦૦૦વૃક્ષોને બચાવવાના કયમાં સફળતા મળતાં આનંદની નીલાગણી અનુભવી છે.ગાધીનગર લોકસભાને હરિયાળીબનાવવા ના પ્રયાસ માં સહયોગ કરવા બદલ આગેવાનો, સરપંચો, સહકારી અગ્રણીઓ, જાગૃત અને સક્રિય પ્રકૃતિપ્રેમી નાગરિકોનો આભાર વ્યક્ત કરું છું. તેમજ તેઓએ જણાવ્યું છે કે, ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા પ્રેરિત 'હરિયાળી લોકસભા, ગાંધીનગર લોકસભા' અભિયાન ને સાર્થક કરવા અમે કટિબદ્ધ છીએ. ધારાસભ્ય રીટાબેન પટેલે ચોમાસાની ઋતુમાં નાગરિકોને વૃક્ષના યોગ્ય જતનની પ્રતિજ્ઞા સાથે સોસાયટી,વસાહતમાં નાગરિકોને વૃક્ષારોપણ કરવા અપીલ કરીહતી.

કમલમ્ ન્યુઝ,
ભારતના વિદેશમંત્રી ડો. સુબ્રમણ્યમ જયશંકરજીએ ગુજરાતવિધાનસભા ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે રાજ્યસભાની ચુંટણી માટે ઉમેદવારી પત્ર ભર્યુ હતું. આ તકે શરેદર ભાજપ પ્રમુખ ક્રષિત ભટ્ટ, ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હિતેશ મકવાણાએ એસ. જયશંકરજીની મુલાકાત કરી તેમને શુભેચ્છા પાઠવી હતી. ગાંધીનગરમહાનગર સંગઠનના હોદ્દેદારો, ચુંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓએ વિધાનસભાખાતે ઉપસ્થિત રહી કેન્દ્રીય મંત્રીશ્રીના આગમનને વધાવ્યું હતું.

kamalam daily newspaper

તંત્રી સ્થાનેથી.....

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓવિભાગ ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત ત્થાજિલ્લા યુવાધિકારિ અધિકારીશ્રી ગાંધીનગર દ્વારા સંચાલિત યુવાઉત્સવ-૨૦૨૩-૨૪આગામી સમયમાં યોજાનાર છે. આમાટે ૧૫ થી ૨૮ વર્ષની વય જુથમાં વિવિધ સ્પર્ધાઓ યોજાશે. યુવા ઉત્સવમાંતાલુકા કક્ષા, જિલ્લા કક્ષા,પ્રદેશ કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાસુધી સ્પર્ધા યોજાશે. યુવા ઉત્સવમાંતાલુકા કક્ષાના સાહિત્ય વિભાગમાં વક્તૃત્વ, નિબંધ, પાદપૂર્તિ, ગઝલ-શાયરી લેખન, કાવ્ય લેખન, દોહા છંદ ચોપાઈ, લોક વાર્તાની સ્પર્ધાઓ યોજાશે. કલા વિભાગમાં સર્જનાત્મક કારીગરી અને ચિત્ર કલા જ્યારે સાંસ્કૃતિક વિભાગમાં લગ્નગીત, હળવુકંઠય સંગીત, લોકવાદ્ય, ભજન, સમુહગીત, એક પાત્રીય અભિનય સહિતના કાર્યક્રમોની સ્પર્ધા યોજાશે. આ ઉપરાંત સીધી જિલ્લા કક્ષાએ સાંસ્કૃતિક વિભાગની સ્પર્ધાઓમાં શીઘ્ર વક્તૃત્વ (હિન્દી-અંગ્રેજી), લોક નૃત્ય, લોકગીત, એકાંકી (હિન્દી/અંગ્રેજી, શાસ્ત્રીય કંઠયુ સંગીત, કણ્ઠેટ્કી સંગીત, સિતાર, વાંસળી, તબલા, વીણા, મૃદંગમ, હાર્મોનીયમ (હળવું)અને ગીટારવાદન તમજ ભરતનાટ્યમ, મણીપુરી, ઓડીસી, કથ્થક, કુચીપુડી સહિતના શાસ્ત્રીય નૃત્યની સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ પોતાના નામ, સરનામું, મોબાઈલ નંબર, જન્મ તારીખ અને ઉમર, સ્પર્ધાનું નામ તથા ઈ-મેઈલ આઈ.ડી લખી તથા આધારકાર્ડની નકલ સાથે રાખી તા. ૩૧-૦૭-૨૦૨૩ સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, સહયોગ સંકુલ, "સી" વિંગ્સ, છઠ્ઠો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર ખાતે જમા કરવાના રહેશે. યુવા ઉત્સવના ફોર્મ અને નિયમો કચેરીના બ્લોગ આઈ.ડી **http://youth officergandhinagar.wordpress.com/** ઉપરથી પણ મેળવીશકાશે. તા.૩૧-૦૭-૨૦૨૩ પછી આવનાર એન્ટ્રી સ્વીકાર્ય રહેશે નહી. તેમ જિલ્લાયુવા વિકાસ અધિકારી દ્વારા જણાવવામાં આવ્યુ છે.

કમલમ્ ન્યુઝ,
મહુવાસ ગામઘર ટ્રીપ પડતાં વડીલ રંગુબેન બેન શાંતિલાલ ગામીત (ઉ.વ. ૭૦)નું મોત થતાં એમનાં પરિવારને ગુજરાત સરકાર તરફથી સહાય પેટે ચાર લાખનો ચેક વાંસદા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી શાંતુભાઈ ગાંવિત, કારોબારી અધ્યક્ષ શ્રી રસિકભાઈ ટાક વાંસદા તાલુકા વિકાસ અધિકારીશ્રી રાજેન્દ્ર ભાઈ પરમાર સાહેબ વાંસદાએ.ટી.ડી.ઓ પ્રીતીબેન પટેલસાથે વાંસદા ભાજપ પ્રમુખ મુકુંદભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય તરુણભાઈ ગાંવિત ,વિનુભાઈ પટેલ મહુવાસ વહીવટદાર મનીષભાઈ પટેલ, માજી ડેપ્યુટી મહુવાસની હાજરીમાંઆજ રોજ આપવામાં આવ્યો

અંગદાન થી પરમાર્થના ભાવ સાથે પત્નીએ બ્રેઈનડેડ પતિના અંગોનું દાન કર્યું

અમદાવાદ સિવિલમાં સતત બે દિવસ અંગદાન થયાની વિરલ ઘટના – સુપ્રીટેન્ડન્ટ ડો. રાકેશ જોષી

કમલમ્ ન્યુઝ,
હજૂ હમણા તો લગ્ન થયા હતા. સજોડે પ્રેમ, લાગણીઓ, વિશ્વાસના બંધન થી બંધાયા હતા. આ કબીરા દંપતિએ કેટ-કેટલાક સ્વપ્ન જોયા હશે. ભાવી આયોજન ઘડ્યું હશે..અને એવામાં....!!! તારીખ ૭મી જુલાઈનો એ દિવસ કબીરાપરિવાર માટે ગોઝારો બની રહ્યો. પરંતુ આ ગોઝારા દિવસમાં પણ જન કલ્યાણ અને જન સેવાનું ઉમદા કાર્ય કરીને એક મિશાલ પ્રસ્થાપિત કરી છે. અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતા ૩૫ વર્ષના રસીકભાઈ કબીરાનું ૭મી જુલાઈનારોજ બ્લડપ્રેશરએકાએક વધી જવાથી ઈન્ટ્રાવેન્ટ્રીકયુલર હેમરેજ (IVH) એટલે કે બ્રેઈનહેમરેજ થયુ. પરિવારજનો ચિંતીત બનીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા. અમદાવાદ સિવિલ હોસ્ટિલમાંજરૂરી તમામટેસ્ટ અને સઘન સારવાર શરૂકરવામાંઆવી. હોસ્પિટલમાં બે દિવસની સઘન સારવારના અંતે રસીકભાઈને તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા. પતિનાબ્રેઈનડેડ થયાનીજાણ થતા તેમના પત્નિ હિનાબહેન સહિત સમગ્રપરિવારજનો પરજાણે આભ તૂટી પડ્યુ. સ્વજન ગુમાવવાનું સેમગ્ર પરિવારને દુઃખ હતુ. પરંતુ પત્ની હિનાબહેનનું જીવન અંધકારમય બનવાજઈ રહ્યું હતું. તેઓને હરહંમેશ સુથવારો અને સધિયારો આપનાર દેવલોક પામી રહ્યાં હતા. કદાચ આ ક્ષણે હિનાબહેનને તેમના બે પુત્રો અને એક પુત્રીના ભવિષ્યની પણ ચિંતા થઈ રહી હશે. આવી ભાવુક ક્ષણે પણ હિનાબહેન એ જનસેવાર્થે જનકલ્યાણનો એક હૃદયસ્પર્શી નિર્ણય કર્યો.આ નિર્ણય હતો અંગદાનનો. અમદાવાદ સિવિલ હોસ્પિટલના કાઉન્સેલરની ૬ થી ૭ કલાકની મહેનતનુ અંતે બ્રેઈનડેડ પતીનાઅંગદાનનો નિણય કર્યો. મૃત્યુ બાદ પણ મારા પતિ અન્ય કોઈના જીવમાં જીવંત રહેશે કોઈનું જીવન કાયકમઅને સ્વસ્થ બનાવશે તેવા ઉમદા ભાવ સાથે તેઓએ પતિના અંગદાન કરવાનો નિણય કર્યો. અંગદાન ની સમગ્ર પ્રક્રિયાના અંતે કિડનીઅને એક લીવરનું દાન મેળવવામાં સફળતા મળીછે, જેને જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરાશે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૪૮ કલાકમાંદાનની સરવાણીવહી. આ ૪૮ કલાકમાં બે અંગદાતા પરિવારજનોએ તમના બ્રેઈનડેડ સ્વજનનું અંગદાન કર્યુ. આ અંગદાનથી દને નવજીવન મળ્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમા સુપ્રીટેન્ડન્ટ ડો. જોષીએકહ્યું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સતત બે દિવસ અંગદાનની વિરલ ઘટનાબની આ અગાઉ પણ ૧૦ થી ૧૨ વખત સતત બે દિવસમાં બે અંગદાતા પરિવારજનો દ્વારા સ્વજનનું અંગદાનકરવાની ઘટનાબની છે.

રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિવસે અરવલ્લી જિલ્લાના માછીમાર તથા મત્સ્ય ખેડૂતો માટે માર્ગદર્શન શિબિરનું આયોજન

અરવલ્લી જિલ્લાનાં મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી મહેશ થલોટીયાસાહેબ દ્વારા જિલ્લાની મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ અને વિવિધ યોજનાઓની માહિતી આપી

કમલમ્ન્યુઝ,પાર્થિક ભટ્ટ
અરવલ્લીના મોડાસા ખાતે સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી મળે તેમજ કેન્દ્ર સરકારશ્રીની મહત્વ ની પ્રજાલક્ષી યોજના ા.જે.જ તથા જૂથ વીમા યોજના ના લાભ મત્સ્ય ખેડૂતોને મળેતે બાબતમાર્ગદર્શન શિબિરનુ આયોજન કર વામાં આવ્યું. ભારતમાં દર વર્ષે ૧૦ જુલાઈના રોજ રાષ્ટ્રીય મત્સ્યપાલક દિવસ ઉજવવામાં આવેછે. ગુજરાત રાજ્ય વિશાળદરિયા કિનારાથીસમૃદ્ધ છે. ત્યારે વડપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા નિર્દેશનમાં બ્લુ ઈકોનોમી વેગ આપવા કેન્દ્ર તથા રાજ્ય સરકાર સતતપ્રયત્નશીલછે. આ દિવસની ઉજવણીનો ઉદેશ તમામ માછીમારો, માછલી ઉછેરતા ખેડૂતોને, માછીમારોને આર્થિક રીતેસદ્ધર થાય અને તેમનું જીવનધોરણ ઊંચું આવે તે હેતુથી સરકારશ્રી દ્વારા અને કેવિધ કલ્યાણકારી યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મુકવામાંઆવી છે. અરવલ્લી જિલ્લાનાં મત્સ્યોદ્યોગ અધિક્ષક શ્રી મહેશ ઈશ્વરભાઈ થલોટીયાએ જિલ્લાની મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ અને વિવિધ યોજનાઓની માહિતી આપી, અરવલ્લી જિલ્લામાં ૧૨ પૃતળાવોઈજારા પર મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ માટે આપવામાં આવેલ છે. જેમાં ઈજારાની **167 lakh** આવકથઈછે.

જિલ્લાના મેઘો, માજુમ, ઈન્દ્રાસી, હાથમતી તેમજ વાત્રક જળાશયમાં ૨૩૨૨ જેટલાં ફિશ કેજ કલ્ચર સ્થાપવામાંઆવેલ છે, અને લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી ઉપલબ્ધ થાય છે. મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રી થલોટીયાએ વધુમાં જણાવ્યું અરવલ્લી જિલ્લામાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે વિપુલ તક છે, જે માટે મત્સ્યોદ્યોગ ખાતા દ્વારા વિવિધ યોજનામાં લોકોને સાંકળીને સ્થાનિકકક્ષાએ પરોક્ષ અને પ્રત્યક્ષ રોજગારી મળતે માટેઅથાગ પ્રયત્ન કરવામાં આવીરહ્યા છે.

આ શિબિરમાં સાબરકાંઠા મત્સ્યોદ્યોગ જિલ્લા અધિકારીશ્રી, જિલ્લાની મત્સ્યોદ્યોગ મંડળીઓના પ્રમુખો, મત્સ્ય ખેડૂતો હાજર રહેલા, રાજ્ય મોમત્સ્ય ખેડૂતો ને દરેક યોજનાનો લાભ સમયસર મળેતેમટે ફીલ્ડ અને **esarkar** નાં સુચારુ અમલ માટે મત્સ્યોદ્યોગ નિયામકશ્રી નીતિન સંઘાન (**i.a.s**) નો મત્સ્ય ખેડૂતોએ આભાર માન્યો હતો.

નેશનલ કેડેટ જુડો ચેમ્પિયનશીપમાં વડોદરાના યશ પાટીલે સિલ્વર મેડલ જીત્યો

કમલમ્ ન્યુઝ,વડોદરા,
હેદરાબાદમાં યોજાયેલી નેશનલ કેડેટ જુડો ચેમ્પિયન શીપમાં વડોદરા જિલ્લા રમતગમત શાળાના એક વિદ્યાર્થી યશ પાટીલે સિલ્વર મેડલ મેળવ્યો છે. વડોદરામાંથી કુલ ચાર વિદ્યાર્થીએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. બેલ્લારી સ્થિત ઈન્સ્પાયર ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પોર્ટસ ખાતે યોજાયે લીઆ ચેમ્પિયનશીપમાંદેશના ૩૧ જુડો ફેડરેશન સંલગ્ન વિવિધ રાજ્યોના કુલ ૨૩૪ યુવાનો અને ૨૨૮ યુવતીઓએ ભાગ લીધો હતો. તા.૭ થી ૯ સુધી વિવિધ વજન શ્રેણીની સ્પર્ધાઓ ચાલી હતી. જેમાં યશ પાટીલને ૯૦ કિલોથી નીચેની શ્રેણીમાંરજત ચંકક મળ્યો છે.તેઓ હાલમાં પ્રતીક ખત્રી પાસેથી પ્રશિક્ષણ મેળવી રહ્યા છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના અધિકારીઓએ યશની સિદ્ધિનેબિરદાવી છે.

કમલમ્ ન્યુઝ,
સાંકળચંદ પટેલ યુનિવર્સીટી કેમ્પસમાં આવેલી નુતન હોમીઓપથીમેડીકલ કોલેજ કેમ્પસ ખાતેમધ્ય - ઉત્તર ગુજરાતની પ્રથમ ડી. સેમ્યુઅલ હનેમાન - હોમીઓપથીના ફાઉન્ડરની પ્રતિમાનું અનાવરણ મહેસાણા કલેક્ટર શ્રીએમ. નાગરાજન તેમજ હોમીઓપથી કાઉન્સિલના ડી. પિનાકીન ત્રિવેદી ના વરદહસ્તે પ્રેસીડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ , પ્રોવોસ્ટ શ્રી , રજીસ્ટરાર શ્રી અને કોલેજ પ્રીન્સીપાલ ડી. પાર્થ માકડ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવ્યું . આ ઉપરાંત નુતન હોમીઓપથી કોલેજ ના વિદ્યાર્થી ઓની વાઈટ કોટ સેરેમની અને ઓથટેકીંગ પણ વાલીઓની હાજરી માકરાયું .

ભવિષ્યમાં ઈ-સેન્સસ વડે વસ્તી ગણતરી કેવી રીતે થશે, ચાલો જાણીએ

કમલમ્ ન્યુઝ,
વિશ્વભરમાં ૧૧ જુલાઈનો દિવસ વિશ્વ વસ્તી દિન તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે વિશ્વભરમાં વસ્તીવધારાના સારાં-નરસાં પાસાંઓ, હકારાત્મક વસ્તી નિયંત્રણ માટેની યોજનાઓસહિત વસ્તીવધારા ના લીધે ઉદ્ભવતી ગરીબી, બેરોજગારી જેવી નકારાત્મક અસરો અંગે વિચાર વિમર્શ કરવામાં આવતો હોય છે. આ ઉપરાંત લોકોમાં પણ આ બાબતે જાગૃતિ કેળવાય એ માટેના પ્રયત્ન કરવામાં આવ છે. આતબક્ક એવોવિચાર સ્વાભાવિક રીતે આવે કે વસ્તી ગણતરી થતી કેવી રીતે હશે? ભારત જેવા દેશમાં સરકાર દ્વારા વસ્તી ગણતરી કેવી રીતે કરવામાં આવતી હશે અને ક્યાં ક્યાં પરિબળો વસ્તી ગણતરીને અસર કરતા હશે અથવા વસ્તી ગણતરી વખતે ધ્યાનમાં રાખવામાં આવતા હશે. ભારત સરકાર આવનારા સમયમાં ઈ-સેન્સસના માધ્યમથી વસ્તી ગણતરીકરવાની વિચારણા કરી રહી છે. તો ચાલો સમજીએ વસ્તી ગણતરીની પૂરંપરાગત અને ભાવિપદ્ધતિ એવી ઈ-સેન્સસ વિશે.

વસ્તી ગણતરીની પરંપરાગત પદ્ધતિ

વસ્તી ગણતરીની પરંપરાગત પદ્ધતિમાં જે તે વ્યક્તિને ડોર ટુ ડોર સર્વે અથવા તો પ્રત્યક્ષ મુલાકાત દ્વારા અલગ અલગ સવાલો પૂછીને તેનાં માહિતી એકત્ર કરવામાંઆવે છે. સર્વેમાંજે તે વ્યક્તિના નામ, ઉમર, પરિવારના સભ્યો, શિક્ષણ અને આવક અંગેની વિગતો સહિત તની માહિતી મેળવવામાં આવે છે. આ માહિતી વિવિધ સવાલો ધરાવતા ફોર્મમાં ભર વામાં આવે છે. ભારત માં ૧૮૫૧ થી લઈને આ પદ્ધતિથી ૨૦૧૧ સુધી દર ૧૦ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૧ માંનવા અભિગમ પ્રમાણે વસ્તી ગણતરીની માહિતી મેળવેલા તમામ ફોર્મ ઝોન વાઈસ ડેટા પ્રોસેસિંગ સેન્ટરોને મોકલવામાં આવે છે અને ત્યાંથી આ વિગતો સોફ્ટવેરમાંફીડ કરવામાંઆવે છે.

ઈ-સેન્સસ

આવનારાવર્ષોમાં ભારતમાં વસ્તી ગણતરીપરંપરાગત પદ્ધતિને બદલે ઈ-સેન્સસ દ્વારાકર વાનું લક્ષ્યાંક સેવવામાં આવ્યું છે. ઈ-સેન્સસમાંવસ્તી ગણતરીનો નામ પ્રમાણે જ ઈલેકટ્રોનિક ગેજેટ્સ એટલે કેમ્બાઈલ કેટેબલ્ટ જેવા ઉપકરણોવડે કરવામાંઆવશે. આ પદ્ધતિમાં કાગળ આધારિત દસ્તાવેજો કે ફોર્મની જરૂર પડશે નહીં. ઈ-સેન્સસ દ્વારા વસ્તી ગણતરી માટે એકકોમન સોફ્ટવેર/એપ લોન્ચકરવામાં આવશે, જેમાં દેશનો દરેક વ્યક્તિ કે પરિવાર મોબાઈલ કે. અન્ય ઉપકરણોના માધ્યમથી પોતાની વિગતો ભરી શકશે. આ પદ્ધતિમાં તમામવિગતો એકજ કોમન સોફ્ટવેરમાં સંગ્રહિત થશે, જેના લીધે તેનું ડેટા પ્રોસેસિંગ કરવુસરળ બનશે.

પરંપરાગત પદ્ધતિની સામે ઈ-સેન્સસના ફાયદાઓ

- વધુ સચોટ અને યોગ્ય વિગતોસરળતાથી પ્રાપ્ત કરી શકાય
- પોલીસી મેકિંગમાટે ડેટા પ્રોસેસિંગ દ્વારામળતી વિગતો ખૂબ જ ઉપયોગી
- દસ્તાવેજ આધારિત પદ્ધતિમાંથી છુટકારોમેળવી શકાય
- ઓછાં સંસાધનોની જરૂરિયાત

- જન્મ, મરણ સહિતની વિગતો ઉપલબ્ધ થતાં સમયાંતરે નાગરિકોને મતાધિકાર અને અન્ય લાભો પૂરાં પાડવામાં સરળતા રહેશે
- સરકારીદસ્તાવેજો ઓછાં થશે અને તેમને સાચવવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.
- દેશના નાગરિકોની સચોટ ભૌગોલિક, સામાજિક અને સાંસ્કૃતિક વિગતો ઉપલબ્ધ થતા સરકારી યોજનાઓ ઘડવામાં સરકતા રહે.

શરૂઆતમાં પરંપરાગત વસ્તી ગણતરી પદ્ધતિની સાથે સાથે ઈ-સેન્સસનો પ્રયોગ કરવામાં આવીશકે, એટલેકે બંનેપદ્ધતિ દ્વારા વસ્તીગણતરીકરવામાંઆવે, જેમાં અમુક ભાગોમાં ડેટા ઈ-સેન્સસના માધ્યમથી લે વામાં આવે, જ્યારે બાકીના અમુક ભાગોમાં વસ્તીની વિગતો પરંપરાગત રીતેકોર્મ ભરીને મેળવવામાં આવે. ત્યારબાદ ધીમે ધીમે ઈ-સેન્સસનો ઉપયોગ વધારવામાં આવી શકે. ડિજિટ લાઈઝેશન ના જમાનામાં ભારત જેવા વિકાસશીલ દેશમા આવનારા સમયમાં વસ્તી ગણતરીની ઈ-સેન્સસ પદ્ધતિ ગુડ ગવર્નન્સ અને પોલીસી મેકિંગમાં ખૂબ જ મહત્ત્વની સાબિતથઈ શકે તેમછે.

ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીની અધ્યક્ષતા હેઠળ નિમાયેલી તપાસ સમિતિએ છાલાના કિશોરભાઈ પટેલ ની અરજીને આધારે જમીન પચાવનાર વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એકટ અંતર્ગત કરી કાર્યવાહી

જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસથી ગાંધીનગર તાલુકાના કાનપુર (છાલા) ગામના ખેડૂત કિશોરભાઇ પટેલના વર્ષો જૂના લેન્ડ ગ્રેબિંગ કેસનું આવ્યું નિરાકરણ

"સરકારના પ્રયાસથી વર્ષો પછી મને મારી જમીન પાછી મળશે, જિલ્લા કલેકટરશ્રીનો ખૂબ આભારી છું": કિશોરભાઇ પટેલ

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર,
ખેડૂતનાં જીવનનીખરી મૂડી એની જમીન હોય છે. ખેડૂત જમીનને એની માતા ગણતો હોય છે. જમીનથી ખેડૂતના ઘરનું ગુજરાન જ નથી ચાલતુંપણ એમનો જીવનના શમણાં પણ સાકાર થતાં હોય છે. આવી સ્થિતિએ ખેડૂતની જમીન કોઈ પચાવી પાડે તો જે તે વ્યક્તિ ઉપર આભ તૂટી પડે છે. આવી પરિસ્થિતિમાં સરકાર જ એનો આધાર હોય છે. ગાંધીનગર તાલુકાના કાનપુર (છાલા) ગામના ખેડૂત કિશોર ભાઈ પુંજા ભાઈ પટેલનો જીવન આધાર એ મની જમીન હતી. વર્ષ ૧૯૭૦માં તમના વડીલે છાલા ગામની સર્વે નં-૯૬૮નીહે.ર.-૩૨-૭૦ આરે. ચોમી ધેકી એ. ૧-૦૭ ગુઠા અને વર્ષ ૧૯૮૦માંર.-૩૨-૭૦ આરે. ચોમી ધેકીએ. ૦-૨૪ ગુઠા જમીન રજિસ્ટર્ડ દસ્તાવેજથીવેચાણે લીધી હતી. જેમાં વેચાણકારના વારસદારો આ જમીન પર તેમને પ્રવેશ કરવા તેમજ ભાગવટો લેતા અટકાવતાહતા. ઉપરાંત આ લોકો દ્વારા કિશોરભાઈનીઅન્ય જમીન પણ પચાવી પાડવામાં આવી હતી. તેમની સાથે વારંવાર ઝગડો અને માનસિક હેરાનગતિ કર વામાં આવતી હતી. આ બાબતે કિશોર ભાઈએ ઘણી ફરિયાદો નોંધવી પણ નિવેડો આવતોન હતો. આવા સમયે 'લેન્ડ ગ્રેબિંગ એકટ' તેમની વહારે આવ્યો. આ વિષેધક અંતર્ગત વ્યક્તિગત રીતે અથવા જૂથોમાં કાયરત રહેતી અમુક ગેરકાયદેસર પ્રવૃતિ કરતી વ્યક્તિઓ દ્વારા સરકાર, સ્થાનિક સત્તામંડળ, ધાર્મિક અથવા સખાવતી સંસ્થા તેમજ ખાનગી વ્યક્તિઓની જમીનો બળજબરીથી અથવા છેતરપિંડી દ્વારા પચાવી પાડવા માટેના પ્રયાસો કરનાર વિરુદ્ધ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. આ અધિનિયમ અંતર્ગત કોઈ પણ વ્યક્તિ સીધાજ કલેકટરશ્રીની કચેરીએ ફરિયાદ નોંધાવી શકે છે. અરજી મળ્યેથી જિલ્લા કલેક્ટરશ્રી, સંબંધિત પ્રાંત અધિકારી અને અથવા પોતેયોગ્ય ગણે તેવા પોલીસ અધિકારી સહિતના બીજા કોઈ અધિકારીને તપાસ સોંપે છે. પ્રાંત અધિકારી અથવા કલેકટર દ્વારા અધિકૃત કરેલા અધિકારીએ અરજી મળ્યાની તારીખથી ૨૧ દિવસની અંદર જિલ્લા કલેક્ટર શ્રીને આખરી અહેવાલ રજૂ કરવાનો હોયછે. જેમાં જમીન પચાવ્યાનું સાબિત થાય તો પચાવનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરીને એફઆઈઆર નોંધવા સહિત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. કિશોર ભાઈની જમીન બાબતે જિલ્લા કલેકટરશ્રી હિતેશકોયાની અધ્યક્ષતા હેઠળ લેન્ડ ગ્રેબિંગ કમિટીએ તપાસ કરી હતી. જેમાં અરજદારના હિસ્સાની જમીન પર અન્ય લોકોનો કબજોહોવાનુ સાબિત થતાં કમિટિના તમામ હાજર સભ્યશ્રીઓએ આકેસમાંકસુરવાર વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો દાખલકરવામાટે નિર્ણય કર્યો હતો. આનિર્ણયથી કિશોરભાઈને વર્ષોના અંતરાલ બાદ ન્યાય મળ્યો છે. જિલ્લા વહીવટીતંત્રના પ્રયાસથી તેમની જમીન ઉપરનું ગેરકાયદેસર દબાણ દૂર થયું છે. તેઓ આ નિર્ણયથી ઘણા ખુશછે. વર્ષો જૂના કેસનોનિકાલ આવતાઅને પોતાની જમીન પાછીમળતા કિશોરભાઈએ જિલ્લા કલેકટર શ્રી હિતેશ કોયા, અધિક કલેકટરશ્રી ભરતજોષી અને પ્રાંત અધિકારી સહિતના અધિકારીઓનો આભાર માન્યો હતો. વર્ષોજૂના કેસમાંન્યાય મળતા કિશોરભાઈની આંખોમાં સંતોષનો ભાવહતો. સરકાર દ્વારા લાવવામા આવેલ 'ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ' કિશોરભાઈ જેવા અનેક ખેડૂતો અનેનાગરિકોનાહક અને ન્યાયનો આધાર બન્યો છે.

kamalam daily newspaper

દુનિયાભરમાં વિવિધ ક્ષેત્રોમાં સૌથી યુવાન દેશ ભારતની યુવા શકિતની વધતી માંગ

૨૦૦૯થી કાર્યરત "ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન" અંતર્ગત તાલીમ મેળવી લાખો યુવાનોએ પ્રાપ્ત કર્યું આત્મનિર્ભર જીવન

કમલમ્ ન્યુઝ,

જુલાઈ મહિનાની ૧૧ તારીખે વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા અને સૌથી યુવાન દેશ ભારતમાં યુવાનોના કૌશલ્યવર્ધન માટે કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે. સાથોસાથ ગુજરાતનો યુવાન કૌશલ્ય અને રોજગાર ક્ષેત્રે અગ્રહરોળમાંસ્થાન પામે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર પણ પ્રયાસરત છે. ગુજરાતને રોજગારીના ક્ષેત્રમાં અવલ્લરાખવામાંગુજરાત કૌશલ્ય વિકાસ મિશન ની મહત્વપૂણ ભૂમિકાછે.

શું છે ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન ?

ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન (GSDM)ની સ્થાપના ૬બ્રુઆરી, ૨૦૦૯માં રાજ્ય સ્તરની વ્યૂહરચના અને કૌશલ્ય વિકાસ થકી રોજગાર તરફ દોરી જતાકાર્યક્રમોનું સંકલન કરવામાટે કરવામાં આવી છે. GSDM ગુજરાતમાં રોજગારલક્ષી કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતાની પ્રવૃત્તિઓપર દેખરેખ, સંકલન અને સંચાલન માટે સર્વોચ્ચ સંસ્થા તરીકે કાર્ય કરે છે. આ મિશનનો ઉદ્દેશ્ય રાજ્ય ના તમામ કૌશલ્ય વિકાસ કાર્યક્રમોના સંપૂણ ચિત્ર પ્રસ્તુત કરવાની સાથે માહિતી એકત્રિત કરવાનોછે.

વિવિધ યોજ નાઓ હેઠળ ઉમ્મેદવારોના કૌશલ્ય, વિસ્તાર અને લાભાર્થી જૂથનો અભ્યાસ કરીને તાલીમ પામેલા કેટલા યુવાનોને રોજગારી મળી છે તેનો અભ્યાસ કરવાનો છે. આઉપરાંત રાજ્યમાં કૌશલ્ય વિકાસના પ્રયાસોને સુવ્યવસ્થિત કરીએવાવાતાવરણનું સર્જન કરવું. જેમાં ભારત અને વિશ્વમાં કુશળમાનવબળની વધતી જતી બ જારની માંગને પહોંચી વળવા અનેબદલાતા પ્રવાહો વચ્ચે સતત વ્યક્તિત્વ વિકાસ અને તાલીમ થકી યુવાનોને રોજગાર આપવાનો છે. ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન અંતર્ગત આવતી વિવિધ યોજના

ગુજરાત કૌશલ્ય વિકાસ મિશનના ઉદ્દેશ્યો

- રાજ્યમાં યુવાનોની રોજગાર ક્ષમતા વધારવા માટે એક સંકલિત વ્યૂહ રચના તૈયાર કરવી.
- કૌશલ્ય વિષયક વર્તમાન સ્થિતિનું સર્વેક્ષણ/સંશોધન કરવુ
- કૌશલ્ય વિકાસ માટે વ્યાપક વ્યૂહરચના બનાવવી.
- લક્ષ્ય કંની દ્દષ્ટિએ વ્યૂહરચનાને કૌશલ્ય મુજબ અને લાભાર્થીમુજબ અલગ-અલગ કરવા
- શિક્ષણ, આદિજાતિ વિકાસ, શહેરીવિકાસઅનેશહેરી ગૃહ નિર્માણ વિભાગ,પંચાયત અને ગ્રામીણ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ અને કૌશલ્ય વિકાસઅને રોજગાર વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારતાવિભાગ સાથે સંકલનમાં રહીને તેમને તાલીમબદ્ધ કર્મચારીઓ પૂરા પાડવા.

ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન સાથે સંલગ્ન યોજનાઓ અને કાર્યક્રમો

૧. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશમાં કૌશલ્ય વિકાસને પ્રોત્સાહન આપવા તથા કૌશલ્યવર્ધનની ટૂંકાગાળાની નિઃશુલ્ક તાલીમ આપી પ્રમાણપત્ર તેમજ નાણાકીય પુરસ્કાર થકી યુવાનોને પ્રોત્સાહિત કરવાના વિચારને સાકાર કરવા માટે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) યોજનાનું પ્રથમ સંસ્કરણ ૨૦૧૫માં શરૂ કરવામાં આવ્યું હતું. હાલમાં પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના ૩.૦ કાર્યરત છે. જે અંતર્ગત યુવાનોને તાલીમબદ્ધ કરી લાંબાગાળાની ઓળખ પ્રસ્થાપિત કરી રોજગારી મેળવવામાં મદદરૂપ થવાનો છે.

૨. મુખ્યમંત્રી કૌશલ્ય વિકાસ પહેલ

રાજ્યને ગુણવત્તાયુકત કૌશલ્ય માળખા સાથેસુસજ્જ કરવા અને વિશ્વને પહોંચાડવા માટે રાજ્યમાં એક સંકલિત, એકીકૃત અને સહયોગીપ્રયાસોને સંસ્થાકીય બનાવવા માટે આ પહેલને શરૂ કરવામાં આવી છે. જેના થકી કૌશલ્ય પ્રશિક્ષણ અને કૌશલ્ય ઈકોસિસ્ટમનો વિકાસ કરી તાલીમાર્થીઓને રોજગાર ઉપલબ્ધ કરાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. રાજ્યના જ વિવિધ વિભાગો જેવા કે શિક્ષણ, આદિજાતિ વિકાસ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, પંચાયત અને ગ્રામીણ ગૃહ નિર્માણ તથા ગ્રામ વિકાસવિભાગ, ઉદ્યોગઅને ખાણ વિભાગ, શ્રમ અને કૌશલ્ય વિકાસ અને રોજગારવિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને તાલીમબદ્ધ કર્મચારીઓ આપવાનો છે.

૩. સક્ષમ

ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન (GSDM) ની સક્ષમ–દ્ધકેન્દ્ર ૨.૦ યોજનાનો હેતુ રાજ્ય માં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં લાભાર્થીઓનાજૂથ માટે કૌશલ્ય અને ઉદ્યોગસાહસિકતા વિકસાવતા કાર્યક્રમોયોજવાનો છે. જે અંતર્ગત જિલ્લાબ્લોક સ્તરે કૌશલ્ય વર્ધન કેન્દ્ર (KVK) ની સ્થાપના કરવામાં આવે છે. આ કેન્દ્રોમાં મહિલાઓ, એસસી અને એસટી, ટ્રાન્સજેન્ડર, પીડબલ્યુડી, માનસિક બીમારીમાંથી સાજા થયેલા દર્દીઓ, વરિષ્ઠ નાગરિકો વગેરે જૂથો માટે વિશેષપ્રોજેક્ટસનું આયોજન કરી તેમને આર્થિક ઉપાર્જનના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાનોછે.

૪. પ્રોજેક્ટ સંકલ્પ

આ યોજનાનો ઉદ્દેશ્ય ઉદ્યોગોને તાલીમમાં ભાગીદાર બનવા પ્રોત્સાહિત કરવાનો છે. સાથોસાથ સામાન્ય કૌશલ્ય ના પોરણો સાથે સંલગ્ન રહીને સરકારના સમર્થન દ્વારા યુવાનોને ઉદ્યોગ સંબંધિત તાલીમ અને રોજગારની ખાતરીઆપવાનો છે.

૫. નેશનલ સ્કીલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક કોર્સિસ

નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (NSQF) જ્ઞાન, કૌશલ્ય અને યોગ્યતાના સ્તરોની શ્રેણી અનુસાર તાલીમનું આયોજન કરે છે. આ કોર્સિસના માધ્યમથી વ્યક્તિ ઇચ્છિત યોગ્યતાના સ્તરો પ્રાપ્ત કરવા, નોકરી માટે સક્ષમ બન વા તથા પોતાને વધુ અપડેટ કરવામાં મદદરૂપ થાય છે. આ કોર્સિસ ગૃહિણીઓ અને વિદ્યાર્થીઓ માટે કૌશલ્યવર્ધનનો શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે.

૬. એપ્રેન્ટિસશીપ

કોઈપણ રાષ્ટ્રના ઔદ્યોગિક વિકાસ માટે માનવ સંસાધનનો વિકાસ મહત્વપૂર્ણ છે. કૌશલ્યોનું અપગ્રેડેશન એ માનવ સંસાધન વિકાસનું મહત્વનું ઘટક છે. માત્ર સંસ્થાઓમાં આપવામાં આવતી તાલીમ કૌશલ્યોના સંપાદન માટે પર્યાપ્ત નથી અને કાર્યસ્થળ પર તાલીમ દ્વારા તેને પૂરક બનાવવાની જરૂરછે. એપ્રેન્ટિસએક્ટ, ૧૯૬૧ ઉદ્યોગ માટે કુશળ માનવબળની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પ્રાયોગિક તાલીમ આપવા માટે ઉદ્યોગમાં ઉપલબ્ધ સુવિધાઓનો સંપૂણ ઉપયોગ કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથેઘડવામાં આવ્યો હતો. શરૂઆતમાં, અધિનિયમમાં વેપાર એપ્રેન્ટિસ માટે એપ્રેન્ટિસશિપ તાલીમ આવરીલેવામાં આવી હતી અને ત્યારબાદ અનુક્રમે સ્નાતકો, ટેકનિશિયન, ટેકનિશિયન (વોકેશન લ) અને વેકલ્પિક ટ્રેડ એપ્રેન્ટિસન તના કાર્યક્ષેત્ર હેઠળ લાવવા માટે ૧૯૩૩, ૧૮૮૬ અને ૨૦૧૪ માં સુધારો કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન હેઠળ વિવધ યોજનાઓ અને કાર્યક્રમોના માધ્યમથી તાલીમ મેળવીને રાજ્યના લાખો લોકોએ રોજગારી મેળવી છે. આમ, આ મિશન ખરા અર્થમાં રોજગાર મેળવનાર લોકો માટે જીવન જીવવાની નવી રાહ સમાન સબિત થયું છે.

કમલમ્ ન્યુઝ,

ધારાસભ્ય શ્રી હાર્દિકભાઈ પટેલ દ્વારા વિરમગામ તાલુકાની કમીજલા હાઈસ્કૂલમાં ૨૨૧ વિદ્યાર્થીઓને ૩૫૪૬ ચોપડા વિતરણ કરવામાં આવ્યા. નળકાંઠામાં શિક્ષણનું સ્તર વધુ સારું બને તેવા હેતુથી ગયાવર્ષ આહાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓને ધારાસભ્ય શ્રીહાર્દિકભાઈ પટેલ દ્વારા વચન આપ્યું હતું કે જે વિદ્યાર્થી ધોરણ ૧૦-૧૨મા ૭૦% ઉપર લાવશે તેવા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામાંઆવશે, આજે તે વચન પૂર્ણ કરીને શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ કરવામાંઆવ્યું.

આંણદ ખાતે યોજાયેલ ઓપન કરાટે ટુનર્મિન્ટમા ડાંગ જિલ્લાની ૨ વિદ્યાર્થીઓએ મેડલ જિત્યા

કમલમ્ ન્યુઝ,આહવા

કરાટેટુ ફેડ્રેશન ગુજરાત દ્વારા આંણદ ખાતે ઓલ ગુજરાત ઓપન કરાટે ચેમ્પિયનશીપ -૨૦૨૩ નુ આયોજન કરવામાઆવ્યુ હતુ. આ કરાટે ટુનાર્મેન્ટમા ડાંગ જિલ્લામાથી ૧૫ ખેલાડીઓ ભાગ લીધો હતો. જેમા હેતલબેન જાદવે ગોલ્ડ મેડલ અનેસિલ્વર મેડલતેમજ દિપાલીબેન આર કજેમણે સિલ્વર મેડલ મળ્યા હતો. કરાટે ટુ ફેડરેશન ગુજરાત કે જે, ગુજરાતની એકમાત્ર ગવર્નિંગ બોડી છે. જેની સાથે ડાંગ જિલ્લાની એકમાત્રગવર્નિંગ બોડીસ્પર્ટ્સ કરાટે એશોસિએશન પણ સંકળાયેલ છે. જેમા ડાંગના ચેરમેન તેમજ નાયબ દંડક વધારાસભ્ય ?શ્રી વિજયભાઈ પટેલ, અને પ્રમુખ વિજય આર? રાઉતના સહયોગએને માર્ગદર્શનથી ડાંગ જિલ્લાના બાળકો આજે રાજ્ય તેમજ નેશનલ કક્ષાએ સિદ્ધિઓ મેળવતાં થયાં છે. ખેલાડીઓની આ સિધ્ધિ બદલ તેઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ભરૂચના શુક્લતીર્થ ખાતે પાયલોટ પ્રોજેક્ટ તરીકેડાર્યરત કરાયેલા "ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ" થી ગંદા પાણીને ચોખ્ખું બનાવી બિનઉપયોગી પાણીને ઉપયોગી બનાવી શકાયું

રોજિંદા વપરાશથી ઉત્પન્ન થતા ગંદા પાણીના શુદ્ધિકરણ થકી જળ સંરક્ષણનો સફળ પ્રયાસ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો આ પાયલોટ પ્રોજેક્ટ અન્ય જીલ્લાઓ તથા ગ્રામિણ વિસ્તારો માટે પણ પ્રેરણારૂપ

કમલમ્ ન્યુઝ,

રાજ્યના ગ્રામિણ વિસ્તારોમાં રોજિંદા વપરાશથી ઉત્પન્ન થતા ગંદા પાણીના નિકાલની સમસ્યા દૂર કરવા માટે રાજ્ય સરકારનુ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડદ્વારા "ગ્રેવોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ" તૈયાર કર્યો હતો. ગંદા પાણીના શુદ્ધિકરણ થકી જળ સંરક્ષણ કરવા માટેનો આ મહત્વપૂણ પ્લાન્ટ ભરૂચના શુક્લતીર્થ ખાતે પાયલોટ પ્રોજેક્ટ તરીકે કાર્યરત કરવામાંઆવ્યોહતો. જેના થકી આજે ગંદા પાણીને ચોખ્ખું બનાવી બિનઉપયોગી પાણીને ઉપયોગી બનાવવામાં સફળતા મળી છે. આ પાયલોટ પ્રોજેક્ટ અન્ય જીલ્લાઓ તથા ગ્રામિણ વિસ્તારો માટે પણ પ્રેરણારૂપ છે. જે ગ્રામિણ સ્તરે રોજિંદા વપરાશ બાદ એકત્રિત થતા ગંદા પાણીના નિકાલ માટે મદદરૂપ સાબિત થશે.

ગ્રે વોટર શુદ્ધિકરણ યોજના શું છે?

ગુજરાત પાણીપુરવઠા અનેગટર વ્યવસ્થાબોર્ડદ્વારા ગ્રામિણ કક્ષાએ ગ્રે વોટરનું શુદ્ધિકરણ કરવા માટે વિવિધ ટેકનોલોજીઆધારિતપાઈલોટ પ્રોજેક્ટ્સનેમંજૂરી આપવામાં આવી છે. જેના અનુસંધાન વર્ષ ૨૦૨૨માંશુકલતીર્થ ગામમાં પાઈલોટ પ્રોજક્ટ તરીકે ૩૦૦કએલડી ક્ષમતાધરાવતા ગ્રે વોટર શુદ્ધિકરણ યોજનાને ૫ વર્ષના મરામત અને નિભાવણી માટેરૂ. ૧.૯૭કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવીઅને ગ્રેવોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો. આ પ્લાન્ટ Soil Bio Technology પરઆધારિત છે. આ ટેકનોલોજીનોફાયદો એ છે કે ગ્રામ પંચાયત દ્વારા જે ગ્રેવોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટને સરળતાથી ઓછાખર્ચ સાથે મેનેજ કરીશકાય છે.

આ ટેકનોલોજીની ખાસ વાત એ છે કે તેમાં સ્લજ બનતુંઘતુંનથીતેમજ ખુબ ઓછી જગ્યામાંપ્લાન્ટનું નિર્માણ થાયછે તેમજ તેની રોજેદીજાળવણી ખુબજ સરળરહે છે. આ પ્લાન્ટ ઠોકી ફન્ડલી અને નયનરમ્ય છે, તેમજ તેનું વાતાવરણ બિલ્લકુલ દુર્ગંધરહીતછે.

ગ્રે વોટર શુદ્ધિકરણ પ્લાન્ટ કઈ રૈતે કામ કરે છે?

સૌ પ્રથમ ગામના તમામ ઘરોમાંથી નીકળતા ગ્રે વોટરને ૨.૩ કિલોમીટરલાંબી પાઈપલાઈન દ્વારા ગ્રેવોટીથી પ્લાન્ટનાવોટ વેલમાંલાવવામાં આવેછે. ત્યારબાદ તેને કોસ અને પેરાબોલિક ફાઈન સ્ક્રીનમાંથી પસાર કરી ૩ મિલીમીટરથીમોટાકચરાને દૂર કરવામાં આવેછે. ત્યારબાદ ગ્રે વોટરને પ્રિ-સેડીમેન્ટેશન ટેકમાં, જ્યાં સેડીમેન્ટેશનની પ્રક્રિયા થયાબાદ સોઈલબાયો ટેકનોલોજીઆધારિત બાયો રિએકટરસંમાં ગોઠવેલ મીડિયા લેયર ઉપર સમાંતરે પાથરવામાં આવેલ પાઈપલાઈન દ્વારા છંટકાવ કરવામાં આવે છે. આ લેયર અલગ-અલગ સાઈઝના મીડિયા તથા કલ્ચર કેટલીસ્ટથી ભુનેલું હોય છે, જે ગ્રે વોટરમાં સામેલ સ્લજતથા અશુદ્ધીઓને દૂર કરે છે. આબાયો રિએકટર સંમાંથી બહાર નીકળતા ફિલ્ટર પાણીનું કલોરીનેશન કરી નર્મદા નદીમાં નિકાલ કરવામાં આવે છે. હાલમાં આ શુદ્ધિકરણ થયેલપાણીનો વપરાશ નર્મદા નદીના કાંઠે વાવેલ વૃક્ષો અને ફ્લુ છંઇનસિંચન માટેકરવામાંઆવીરહ્યોછે. આ શુદ્ધિકરણ થયેલ પાણીનું લેબોરેટરીમાંપરીક્ષણ કરાતા મળેલ ઉત્તમ પરિણામઆ પ્લાન્ટની કાર્યક્ષમતા સાબિત કરે છે.

ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના ગ્રામજનોને ફાયદા

ગ્રામજનોને પાણીજન્ય રોગથી મુક્તિ, સારુ સ્વાસ્થ્ય અને તંદુરસ્ત જીવન મળીરહ્યું છે. એટલું જ નહિ, અશુદ્ધ પાણીનોનિકાલ થતા ગામમાં સ્વચ્છતારહે છે. તેમજ પ્લાન્ટ ઈકો ફ્રન્ડલી અને ઊર્જા સંરક્ષણ કરતો હોય ગ્રામજનોને આર્થિક રીતે ફાયદો પણ થાય છે.

જળ એ જ જીવન છે. સમગ્ર સૃષ્ટિ પંચ તત્વોથી નિર્માણ પામીછે અને જળ આ પંચતત્વો પૈકીનું એક તત્વ છે. દૈનિક જીવનમાં અને ઔદ્યોગિક હેતુસરપાણીનો વપરાશ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આ સાથે જ વપરાશ બાદ અશુદ્ધ બનેલા પાણીનો પ્રશ્ન પણ ઉદ્ભવેછે, જેને ગ્રે વોટર કહે છે. ગ્રેવોટરને સામાન્ય ભાષામાં સમજીએતો ઘરકામ જેવા કે કપડાં ધોવા, વાસણ ધોવા વગેરેથી ઉત્પન્ન થતું ગંદુ પાણી. જેના સલામત નિકાલ ન કરાય તો પર્યાવરણને હાનિકારક બની શકે છે. ગામોમાં આ પ્રશ્ન વિશેષ રૂપેન ઉપસ્થિત થાય છે અને તળાવમાં ગંદા પાણીરૂપે એકઠું થાય છે. આ સમસ્યાનો નિકાલલાવવાના હેતુથી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડદ્વારા ભરૂચજિલ્લાના શુક્લતીર્થ ગામમાં પાઈલોટ પ્રોજેક્ટ તરીકે ૩૦૦ કએલડીની ક્ષમતા ધરાવતા ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો છે. શુક્લતીર્થ ભરૂચથી ૧૦ કિ.મી. દૂર આવેલું લોકપ્રિય અને પવિત્ર તીર્થ સ્થળ છે. શુક્લતીર્થ ગામમાં ૫૫૦૦ થી વધુ લોકો વસવાટ કરે છે. આ ગામમાં રહેતા ગામ લોકોને ગંદાપાણીના નિકાલની ગંભીર સમસ્યાનોપ્રતિદિન સામના કરવો પડતો હતો. ગામમાં રોજિંદા ઘરકામ જેમકે કપડાં ધોવા, રસોઈ કરવાવગેરેથી ઉત્પન્ન થતાં ગંદાપાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હતી. આ ગંદા પાણીના નિકાલના ભાગરૂપે ગામનું ગંદુ પાણી સીધું ગામના મધ્યમાં આવેલ તળાવમાં કોઈપણ પ્રકારની ટ્રીટમેન્ટ વગર છોડી દેવામાં આવતું હતું. જેના કારણે ગામ લોકોને ગંદકી, દુર્ગંધ અને પાણીજન્ય રોગોજેવા ગંભીર પ્રશ્નોનો સામનો કરવો પડતો હતો. ખાસકરીને ચોમાસાની ઋતુમાં આપાણી છલકાઈને આસપાસના વિસ્તારોમાંભરાઈ જતું અને ગ્રામજનો સામે સ્વચ્છતા અને આરોગ્યના ગંભીર પ્રશ્નો ઉભા થતા હતા. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે ગુજરાતસરકાર હસ્તકના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાબોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૨ માં શુકલતીર્થ ગામમાં પાઈલોટ પ્રોજેક્ટ તરીકે ૩૦૦ કએલડી ક્ષમતા ધરાવતા ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. આ પ્લાન્ટ થકી શુક્લતીર્થ ગામમાંગ્રે વોટરનું શુદ્ધિકરણ કરવામાં આવે છે. જેનાથી પાણીજન્ય રોગો, સ્વચ્છતાના પ્રશ્ન તેમજ ગંદા પાણીના નિકાલની સમસ્યાનુ નિકરણ આવ્યુંછે. ગ્રેવોટર શુદ્ધિકરણયોજના ગ્રામિણ સ્તરે દૈનિક વપરાશના પરિણામેઉત્પન્ન થતા અશુદ્ધ પાણીની સમસ્યા નિવારવામાં ગેમ ચેન્જર સાબિત થશે, તેમાં કોઈ શંકા નથી.

ડીસા માર્કેટ યાર્ડ ની ચૂંટણી માં ચેરમેન તરીકે ગોવાભાઈ દેસાઈ અને અર્જણભાઈ ચૌધરી વાઈસ ચેરમેન તરીકે નિમણુક

કમલમ્ન્યુઝ,આનંદ ઠકકર

ડીસા માં તાજેતર માં બીજેપી માં જોઈન્ટ થયેલ પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ જે કોંગ્રેસ માં થી આવી બીજેપી નો ખેસ નરેન્દ્રભાઈ મોદી અને અમીતશાહ ના દેશવિકાસ ને ધ્યાન માં લઈ તેઓ પાર્ટી માં જોઈન્ટ થયાઅને તેઓ અગાઉ પણ કોંગ્રેસ ના શાસન માં પણ ચેરમેન રહી ચૂકયા છે પણ તેઓ અત્યારે બીજેપી પી શાસિત માર્કેટ યાર્ડ હતું અને તાજેતર માંતેઓ કોંગ્રેસ વતી એક માત્ર જીતતા તેઓ ને ચેરમેન પદેછટું લાગતા બીજેપી માંજોઈન્ટ થઈ ચેરમેન પદ મેળવી રાજકીય અટકળો નો અંત આણ્યો હતો આજરોજ બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ કીર્તિસિંહ વાઘેલા સ્થાનિક ધારાસભ્ય પ્રવીણ માળી પૂર્વ ધારાસભ્ય શશીકાંત પંડ્યા ડીસા શહેર પ્રમુખ પ્રતીક પટ્ટીયાર હકમાજી પુરોહિત કનુભાઈ વ્યાસ રાજુભાઈ ઠકકર ની હાજરી માં બર્ગ ને આતાજ પહેરવા મળ્યો હતો.

અંકલેશ્વર એપીએમસી ના બીનહરીફ થયેલ સભ્યો નો સન્માન સમારોહ યોજાયો

ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ મારૂતીસિંહ અટોદરિયા ઉપસ્થિત રહ્યા

કરશનભાઇ પટેલ સહીત બિનહરીફ સભ્યો એ ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ અને મારૂતીસિંહ અટોદરિયા નું સન્માન કર્યું

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ની ચૂંટણી માં વર્તમાન ચેરમેનકરશનભાઇ પટેલ સહીત ૧૫ સભ્યો બિન હરીફ જાહેર થતા એપીએમસી ખાતે ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ મારૂતીસિંહ અટોદરિયા ની અધ્યક્ષતા હેઠળ સન્માન સમારોહ યોજાયો હતો

જેમાં તમામ સભ્યો નું સન્માન કરવામાં આવ્યું હતું સાથે સભ્યો દ્વારા ધારાસભ્ય સભ્ય ઈશ્વરસિંહ પટેલ અનેજિલ્લા પ્રમુખ મારૂતીસિંહ અટોદરિયાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું અંકલેશ્વર ખેતીવાડીઉત્પન્ન બજાર સમિતિ ની ચૂંટણીજાહેર થઈ હતી જેમાં વર્તમાનચેરમેન કરશનભાઈ પટેલ સહીત ૧૫ સભ્યો એ ઉમેદવારી કરી હતી જો કે કરશનભાઈ પટેલ ની પેનલ સામે કોઈ પણ ઉમેદવારી પત્રો નહિ ભરાતા ચૂંટણી અધિકારી દ્વારા કરશનભાઈ પટેલ સહીત તમામ સભ્યો ને બીનહરીફ ચૂંટાયે લા જાહેર કરવામાં આવ્યાહતા ,ત્યારે એપીએમસી ખાતે ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ મારૂતીસિંહ અટોદરિયા ની અધ્યક્ષતા હેઠળ સન્માન સમારોહ યોજાયો હતો જેમાં

કરશનભાઈ પટેલ સહીત તમામ બિનહરીફ સભ્યો નું સન્માન કરવામાં આવ્યું હતું સાથે વર્તમાન ચેરમેનકરશનભાઈ પટેલ સહીત તેમના સભ્યો અને અન્ય આગેવાનોએ ભાજપના કાર્યક્રો દ્વારા ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ અને મારૂતીસિંહ અટોદરિયા નું પણ પુષ્પગુચ્છ વડે સન્માન કર્યુ હતું સાથેતાલુકા પંચાયત ના પ્રમુખ અરવિંદ પટેલ ,જિલ્લા ભાજપ મહામંત્રી વિનોદભાઈ પટેલ અને તાલુકા ભાજપ પ્રમુખ નિતેન્દ્ર દેવધરા નું પણ સન્માન કરવામાં આવ્યું હતું અને ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ અને ભાજપ પ્રમુખ મારૂતીસિંહ અટોદરિયા એ કરશનભાઈ પટેલ સહીત એપીએમસી ના તમામ સભ્યો ને શુભેચ્છા પાઠવી હતી

kamalam daily newspaper

રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાતમાં માછલીઓનું ઉત્પાદન સતત વધ્યું અને માછીમારો સમૃધ્ધ બન્યા: મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

ગુજરાત તરફથી મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કોન્ફરન્સ દરમિયાન માછીમારી ક્ષેત્રે રાજ્યમાં આવેલા આમોલ પરિવર્ત અંગે માહિતી આપી

કમલમ્ ન્યુઝ, ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય અને નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા ૬ ૬માં રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂતદિવસનિમિત્તે તમીલનાડુના મહાબલીપુરમ ખાતે બે દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં હવામાન અને સુરક્ષા સંબંધિત જાગૃતતા લાવવા જે વા પ્રયાસોથી દેશના માછીમાર અને મત્સ્યોદ્યોગસતત નવાશિખરો સર કરતા રહે તે માટે યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્રીય મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા, રાજ્ય મંત્રી શ્રી એલ. મુરુગન તેમજ ડૉ. સંજીવ બલીયાન સહિત વિવિધ રાજ્યોના મંત્રીશ્રીઓ તેમજ મત્સ્યોદ્યોગ ખાતાના વડા ઉપસ્થિત રહ્યા છે. ગુજરાત તરફથી મત્સ્યોદ્યોગમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલઅને મત્સ્યોદ્યોગકમિશ્નર શ્રી નીતીન સાંગવાન પણ આ કાર્યક્રમમાં સહભાગી થયા છે. ગુજરાત દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિમીનો દરિયાકિનારો ધરાવતો હોવાથી દરિયાઈ, આંતરદેશીયઅને ભાંભરાપાણીના ક્ષેત્રમાં મત્સ્યોદ્યોગવિકાસની વિપુલ પ્રમાણમાં તકો લભ્ય છે. જે તકોને પહોંચી વળવા ગુજરાત સરકાર દ્વારા બ્લ્યુ ઈકોનોમીને પ્રમોટ કરવામાં આવી રહી છે. મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા આ કાર્યક્રમ દરમિયાન ગુજરાત સરકારની વિવિધ પહેલો અંગે માહિતી આપવામાં આવી હતી. મત્સ્યોદ્યોગમંત્રીશ્રીપટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની વિવિધ પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાતમાંમાછલીઓનું ઉત્પાદન સતત વધી રહ્યું છે, અને સાથે સાથે રાજ્યના માછીમારો પણ દિન-પ્રતિદિન સમૃધ્ધ થઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૧-૨૨દરમિયાન રાજ્યમાં દરિયાઈ મત્સ્ય ઉત્પાદન ૬.૮૮ લાખ મેટ્રિક ટનથી વધુ થયું હતું, જ્યારે આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન ૧.૮૫ લાખમેટ્રિક ટન નોંધાયું હતું. બંને મળીને રાજ્યમાં કુલ ૮.૭૩ લાખ મેટ્રિક ટનથી વધુ મત્સ્ય ઉત્પાદન થયું છે. વર્ષ ૨૦૨૨-૨૩માં પણ રાજ્યનું કુલ માછલી ઉત્પાદન અંદાજીત ૯ લાખ મેટ્રિક ટનથી વધુ રહેવાની સંભાવના છે. રાજ્યમાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે રહેલી સંભાવનાઓને સફળ બનાવવા મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા આ કાર્યક્રમમાં કેટલાક સૂચનો પણ કરાયા હતા.તેમણે જણાવ્યુંહતું કે, સાગર પરિક્રમા, ગ્રીષ્મકાલીન સંમેલન જેવીવિવિધ આંતરરાષ્ટ્રીય સ્તરની કોન્ફરન્સનું ભવિષ્યમાં ગુજરાતમાં આયોજન કરવામાં આવે તોરાજ્યના મત્સ્ય ખેડૂતોનવી તકનીક અને મત્સ્યપાલન અંગે યોગ્ય માર્ગદર્શન સાથે વધુ સારું ઉત્પાદન કરીશકશે. આ ઉપરાંત વિષય સમક્ષ પર્યાવરણ સંરક્ષણ પણ ખૂબ જ મોટો પડકાર છે. સમુદ્ર અને જળાશયોનું સંરક્ષણ અને પ્લાસ્ટિક પ્રદુષણ ઉપર નિયંત્રણ લાવવા મહત્વપૂર્ણ પગલા ભરવા મંત્રીશ્રીએ નિર્દેશ કર્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, દુર્ભાગ્યવશ હજુ પણ ગુજરાતના કેટલાક માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે. બાકી રહેલા માછીમારોને પણ સત્વરે પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરવાની દિશામાં કેન્દ્ર સરકારનો પૂરતો સહયોગ મળી રહ્યોછે. કેન્દ્ર સરકારના સહયોગથી જ તબક્કાવાર ગુજરાત સહિત દેશના માછીમારોની વતન વાપસી થઈ રહી છે, તે બદલ મંત્રીશ્રીએ ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યોહતો.

ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓપ. બેંક લી. સુરત દ્વારા ૧૧૩ મી ઉમરા શાખાનો શુભારંભ

સુરત અને તાપી જીલ્લાની જીવાદોરી સમાન ધી સુરત ડિસ્ટ્રીકટ કો.ઓપ. બેંકે ઉમરા, તાલુકા ઓલપાડ મુકામે તેની ૧૧૩ મી શાખાનું લોકાર્પણ

કમલમ્ન્યુઝ,મયુર પટેલ સુમારંભમાં બેંકનાં ચેરમેનશ્રી નરેશભાઈપટેલ, બેંકના વાઈસ ચેરમેનશ્રી સંદિપભાઈ દેસાઈ, માનનીય મંત્રીશ્રી, વન, પર્યાવરણ, હવામાન તથા પાણી પુરવઠાશ્રી મુકેશભાઈ પટેલ, સુમુલ ડેરીના ડિરેકટર શ્રી જયેશભાઈ પટેલ, સાયણ સુગર ફેકટરીના ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ તથા બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ અને અન્ય સ્થાનીક સહકારી આગેવાનો ઉપસ્થિત રહયાહતા. સુમારંભનો અહેવાલ બેંકના મેનેજીંગડિરેકટરશ્રી મહાવીરસિંહ ચૌહાણ સાહેબે બેંકની વિવિધ સ્કીમોની વિસ્તૃત માહિતીઆપીકર્યાહતો. ત્યારબાદ માનનીય મંત્રીશ્રી, વન, પર્યાવરણ, હવામાન તથા પાણી પુરવઠા અને બેંકના ડિરેકટરશ્રી મુકેશભાઈ પટેલ, સુમુલડેરીના ડિરેકટરશ્રી જયેશભાઈ પટેલ, સાયણ સુગર ફેકટરીના ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલેપ્રાસંગીક પ્રવચનોકર્યાં હતા. માનનીય મંત્રીશ્રી, વન, પર્યાવરણ, હવામાન તથા પાણી પુરવઠાશ્રી મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના ઉમરા જેવા નવા વિકસી રહેલા વિસ્તારમાં બેંકની શાખા ખોલવાથી આ વિસ્તારના વેપારી મિત્રો, ગૃહિણીઓ, ખેડૂતો તથા અન્યોને બેંકીંગસેવા તથાવિવિધ વિદ્યાર્થીની સગવડ ઘર આંગણે જ મળી રહેશે તેવી ખાત્રીવ્યક્ત કરીહતી. બેંકના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે પણ શાખા વિસ્તુતિકરણ તથા બેંકની વિકાસયાત્રાથી સર્વને અવગત કર્યા બાદ જણાવ્યું હતું કે સંસ્થાનો હેતુ માત્ર નફાનો નહીં પરંતુ સમાજના

માનનીય મંત્રીશ્રી, વન, પર્યાવરણ, હવામાન તથા પાણી પુરવઠા અને બેંકના ડિરેકટરશ્રી મુકેશ ભાઈ પટેલના વરદ્ હસ્તે સંપન્ન કર્યું હતું

નિમ્ન વર્ગની સુખાકારીમાં પણ વધારો થાય તે માટે કામ કરવાનો હોય તેવોવિશ્વાસવ્યકત કર્યોહતો. કાર્યક્રમને અંતે બેંકના જનરલ મેનેજર શ્રી કલ્પેશભાઈ શાહ સાહેબે ઉમરા જેવા નવા વિકસી રહેલા વિસ્તારમાં નવા આકાર પામી રહેલા ધંધાઓ તથા ફેકટરીઓના વેપારીમિત્રોને બેંકની કેશ કેડીટ તથા ધિરાણની અન્ય સુવિધાઓ ખૂબ જ સરળતાથી મળી રહેશે એવો વિશ્વાસ વ્યકત કરી આભારવિધિકરીહતી.

ધી સુરત ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેંક લી. સુરત દ્વારા ૧૧૪ મી પાતલ શાખાનો શુભારંભ

કમલમ્ન્યુઝ,મયુર પટેલ સુરત અને તાપી જીલ્લામાં વિશાળ નેટવર્ક ધરાવતી ધી સુરત ડિસ્ટ્રીકટ કો.ઓપ. બેંકે પાતલ, તાલુકા માંડવી મુકામે તેની ૧૧૪ મી શાખાનું લોકાર્પણ માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર શ્રી કુંવરજીભાઈ હળપતિના વરદ્ હસ્તે સંપન્ન કર્યું હતું. સમારંભમાંબેંકના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ, બેંકના વાઈસ ચેરમનશ્રી સંદિપભાઈ દેસાઈ, માનનીય સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર શ્રીકુંવરજીભાઈહળપતિ, પાતલ ગામના સરપંચશ્રી ભૂપેન્દ્રભાઈ તથા બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ ઉપસ્થિત રહયા હતા. સમારંભનો આરંભ બેંકના મેનેજીંગડિરેકટરશ્રી મહાવીરસિંહ ચૌહાણ સાહેબે સ્વાગત પ્રવચન કરીને કર્યોહતો. ત્યારબાદ બેંકના સ્થાનિક ડિરેકટરશ્રી નરેન્દ્રસિંહ મહિડા, માનનીય સાંસદશ્રી પ્રભુભાઈ વસાવા, માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, શ્રી કુંવરજીભાઈ હળપતિએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. માનનીય સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ માંડવી તાલુકા મુકામે શાખા ખોલવા બદલ સંચાલક મંડળનો આભાર વ્યકત કર્યો હતો. માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર શ્રી કુંવરજીભાઈ હળપતિએ બેંકના પ્રવર્તમાન ચેરમેનશ્રી તથા સંચાલક મંડળની આવાઅંતરિયાળવિસ્તારમાં શાખા ખોલવાની પહેલને બિરદાવી હતી અને વધુમાં વધુ આવા અંતરિયાળ વિસ્તારોના લોકો બેંકીંગફાઈલ્ડ તથા વિવિધ ગવર્મેન્ટ સ્કીમો હેઠળ જોડાય તેના પર વિશેષભાર મુકયો હતો. બેંકના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે બેંકની ગતિવિધીથી અવગત કરી આવા અંતરિયાળ વિસ્તારોમાં શાખાખોલવી અનેલોકોના આર્થિક અને સામાજીક ઉત્થાનમાં સુધારો કરવો એ પણ આ બેંકનું એક સામાજીક ઉત્તરદાયિત્વ હોય, તેમજ આ બેંક ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે શે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. કાર્યક્રમનાંઅંતે બેંકના જનરલ મેનેજરશ્રી કલ્પેશભાઈ શાહ સાહેબ સૌ ગ્રામજનનો આભાર વ્યકત કર્યોહતો.

ધરમપુર-કપરાડાના ધોધ અને પર્યટન સ્થળોને માણવા માટે દર રવિવારે એસટી બસો દોડશે

પીપરોળ- વેલી વ્યુ, વિલ્સન હિલ, શંકર ધોધ, મોટી કોરવડ- સુલિયા ડુંગર પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ

કમલમ્ન્યુઝ,વલસાડ ચોમાસા દરમિયાન વલસાડ જિલ્લામાં ખાસ કરીને ધરમપુર અને કપરાડા તાલુકામાં અનેક ધોધસાળે કલાએ ખીલી ઉઠે છે સાથે ડુંગરોએ પણ લીલી ચાદર ઓઢીલીધેય અને તેમેઅડીને વાદળો પસાર થતા હોય એ મનમોહક દ્રશ્યને માણવાનો લ્હાવો અનેરો હોય છે. લોકો સ્વખર્ચેઆવા સ્થળે રજાનાદિવસોમાં હરવાફરવા માટે જતા હોય છે પરંતુવલસાડ જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રાઅગ્રેએ પર્યટકોને સરળતાપડે તે માટે રવિવારે રજાના દિવસે વલસાડ અને ધરમપુર એસટી ડેપોથી ધરમપુર અને કપરાડા તાલુકાના પર્યટન સ્થળો માટે ખાસ બસ સેવા શરૂ કરી છે. તા.૯જુલાઈને રવિવારેઆ સેવાનો વિધિવત પ્રારંભ થતા કુલ ૧૨૦ લોકોએ લાભ લીધો હતો. પ્રવાસન ક્ષેત્રે વધુને વધુ વેગ મળે અનેપ્રવાસીઓને સરળસુવિધાપુરી પાડી શકાય તે હેતુથી વલસાડ એસ.ટી.વલસાડ દ્વારા ધરમપુર અને કપરાડાના અંતરિયાળ કુદરતી સૌંદર્યના સ્થળોને આવરી લઈ દર રવિવારે બેબસ શરૂકરવામાંઆવી છે. આ બસ દર રવિવારે વલસાડ ડેપોથી સવારે ૭-૩૦ અને ૯-૦૦ કલાકે ઉપડશે જે વલસાડ થી મોટી કોરવડ (સુલીયા ડુંગર) વાયા ધરમપુર ચોકડી-રોણવેલ—વાંકલ-પીપરોળ (વેલી વ્યુ)-વિલ્સન હિલ - શંકર ધોધ થઈ મોટી કોરવડ સુલીયાડુંગર પહોંચશે.જે અનુક્રમે ૧૧-૦૫ અને ૧૨.૩૫ વાગ્યે પહોંચશે. જ્યારે મોટી કોરવડના સુલિયા ડુંગરથી પરત વલસાડ આવવા માટે ૧૧-૪૦ કલાકે ઉપડનારી બસ ૧૪.૨૦ કલાકે અને ૧૩.૧૦ કલાકે ઉપડતી બસ બપોરે ૧૫-૫૦ કલાકે વલસાડ એસ ટી ડેપો પર પરત આવી પહોચશે.

પર્યટન સ્થળ માટેની ખાસ બસ સેવા લોકલ ભાડાના દરે શરૂ કરવામાં આવી છે. જેમાં વલસાડથી સુલિયા ડુંગરનું સીધુ લોકલ ભાડું રૂ. ૪૮ રહેશે. ધરમપુરના ધારાસભ્યશ્રી ધરમપુર અરવિંદભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુર તાલુકાપંચાયતના પ્રમુખ રમીલાબેન, વલસાડના પ્રાંત અધિકારી નિલેશ કુકડીયા, ધરમપુરના પ્રાંત અધિકારી કેતુલ ઈટાલીયાની ઉપસ્થિતિમાં બસ સેવાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. પ્રથમ રવિવારે સવારે ૭-૩૦ની બસનો ૫૭ અને સવારે ૯-૦૦ કલાકની બસનો ૬૩ પ્રવેટકોએ લાભ લઈ ધરમપુર -કપરાડાના પ્રવાસન સ્થળોને મન ભરીને માણ્યા હતા. આ બસોનું દર રવિવારનું બુકિંગ નિગમની વેબ સાઈટ્ ઋજઈ્ઈ.હ પરથી ઓનલાઈન કરી શકાય તે માટેની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાંઆવી છે.

ગાંધીધામ કચ્છ મોરબી લોકસભા વિશાળ જનસભા

કમલમ્ન્યુઝ,ઘનશ્યામ સંઘાણી

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબ ના નેતૃત્વ હેઠળ ની કેન્દ્ર સરકાર ના ૯ વર્ષ સંપન્ન થયા છે. જેની ઉજવણી સંદર્ભ ઉપસ્તિ મહેમાન ગુજરાતપ્રદેશ ભાજપ યશશ્રી અધ્યક્ષશ્રી સી.આર પાટીલ સાહેબ તથા સાંસદ અને પ્રદેશ મહામંત્રીશ્રી વિનોદભાઈ ચાવડા સાહેબ આમંત્રિત મહેમાન ડો.નીમાબેન આચાર્ય પૂર્વ અધ્યક્ષ વિધાનસભા શ્રીવાસણભાઈ આહિર શ્રી પુષ્પદાન ગઢવી સાહેબ પૂનમબેન જાટ પૂર્વ ધારાસભ્ય ધનજીભાઈ સંઘાણી તેમજ કચ્છ મોરબીમહામંત્રીશ્રી અને મોરબી મળીયાના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતીયા મોરબી જિલ્લા પ્રમુખ રણછોડ ભાઈ દલવાડી મોરબી શહેર પ્રમુખ લાખાભાઈ જારીયા મહામંત્રી જેઠાભાઈ મિયાત્રા નરેન્દ્રસિંહ ઝાલા ભાવેશ કંજારીયા રીશીભ કેલા અને મોરબી જિલ્લાના હોદેદારો તથા આગેવાનો ઉપસ્થિત રહીયા હતા, અને કચ્છ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત અને ગાંધીધામ શહેર ના મહામંત્રીઓ પ્રમુખો અન્ય સમાજ ના આગેવાનો હોદેદારો બહોળી સંખ્યામાં ઉપસ્તિ રહીયા હતા. સી. આર પાટીલ સાહેબ આપણી સરકાર ના ૯ વર્ષ પૂર્ણ થયા તેના કામને યાદ કરી આભાર માન્યો હતો. અને ગુજરાત ના છેવાડા ના માનવીસુધી સરકાર શ્રી ની યોજના નોં લાભ મળે તેના માટે સી.આર. પાટીલ સાહેબે જણાવ્યું હતું કે સરદાર પટેલ સાહેબ ના અખંડ ભારત ના સંકલ્પનીરચના કરનાર પ્રતિમા બનાવનાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વંદે ભારત ટ્રેન સંકલ્પ પુરા કાર્યાઅને ખેડૂત લક્ષીયોજના ના સપનાસાકાર પૂર્ણ કરવા અને કચ્છ ગાંધીધામ વિશાળજન સભા નું આયોજન કાર્યું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028

kamalam daily newspaper